# Royal Higher Secondary School - Dhoraji

Round 3
Std - 12th E.M.

Sub:- Gujarati

Date :- 24-01-25
Marks :- 100
Time :- 3:00 Hour

## વિભાગ - A [પદ્ય વિભાગ]

■ **નીચેના આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો :** **[5]**

**(1)** પ્રભુલાલ દ્વિવેદીનું કયું કાવ્ય તમારા અભ્યાસક્રમમાં છે ?
(અ) એકસરખા દિવસ સુખના (બ) આ રસ્તાઓ (ક) ક્રોધી સ્વભાવને (ડ) વીડી વાઢનારા

**(2)** 'સુંદરમ્' ઉપનામ ધારણ કરીને કોણે સાહિત્યસર્જન કર્યું છે ?
(અ) દુલા ભાયા કાગ (બ) રમણિક અરાલવાળા (ક) નરેન બારડ (ડ) ત્રિભુવન પુરુષોત્તમ લુહાર

**(3)** પડદા આડા મોતના પડિયા (કાવ્યપંકિત પૂર્ણ કરો.....)
(અ) ઝડપી લેશે જવાળા (બ) ઢળિયાં આ દશ ઢાળાં (ક) તે પર જડિયાં તાળાં (ડ) તે મારી રાખ ઉપર રૂપાળાં

**(4)** 'વતનનો તલસાટ' કાવ્યનો સાહિત્યપ્રકાર જણાવો.
(અ) ભજન (બ) સોનેટ (ક) લોકગીત (ડ) ઊર્મિકાવ્ય

**(5)** પ્રવાહની મધ્યે કવિને શેનો ભાસ થાય છે ?
(અ) લક્ષ્યપ્રાપ્તિનો (બ) કંઈક ગુમાવ્યાનો (ક) મૃગજળનો (ડ) હોડી ડૂબવાનો

■ **નીચે આપેલ જોડકાંને સાચી રીતે જોડો :** **[4]**

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| **(6)** મેળો આપો તો | (અ) પદ |
| **(7)** વડલો ને પંખિડા | (બ) ઊર્મિકાવ્ય |
| **(8)** વીડી વાઢનારા | (ક) ગીત |
| **(9)** હંકારી જા | (ડ) સોનેટ |
| | (ઈ) લોકગીત |

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો :** **[3]**

**(10)** ભારતીય ધર્મશાસ્ત્રોમાં કયાં કયાં ભયંકર ષડ્રિપુ ગણાવ્યા છે ?
**(11)** કવિની દૃષ્ટિએ શૂરા કોણ છે ?
**(12)** બાનો શ્વાસ શાથી રૂંધાય છે ?

■ **નીચેના પ્રશ્નોના ત્રણ– ચાર વાક્યમાં ઉત્તર આપો : (કોઈ પણ બે)** **[4]**

**(13)** કઈ આશા છોડીને શેમાં ધ્યાન ધરવાનો ઉપદેશ ગંગાસતી જણાવે છે ?
**(14)** અર્જુનના દષ્ટાંત દ્વારા કવિ શો સંદેશ આપે છે ?
**(15)** શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો : (કોઈ પણ એક)** **[4]**

**(16)** 'વડલો ને પંખિડા' કાવ્યનો ભાવાર્થ સમજાવો.
**(17)** 'વીડી વાઢનારા' લોકગીત નાયક કરતાં નાયિકા શી રીતે ચડિયાતી છે ? – તે જણાવો.

## વિભાગ - B [ગદ્ય વિભાગ]

■ **નીચેનાં પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો :** **[4]**

**(18)** ઈટાલી પાસે કઈ કઈ કલાની વિપુલ સંપતિ છે ?
(અ) સાધુ–સંતો (બ) શિલ્પ, સ્થાપત્ય, સંગીત અને ચિત્રકામ
(ક) ધર્મગ્રંથો – ઉપનિષદો (ડ) વેદ અને ઋચાઓ

(19) 'નારાયણ હેમચંદ્ર' પાઠનો સાહિત્યપ્રકાર જણાવો.

(અ) નવલકથા ખંડ (બ) પ્રવાસ નિબંધ (ક) આત્મકથા ખંડ (ડ) નવલિકા

(20) ''વગર પરવાનગીએ આંબા રોપીને તમારા કબ્રસ્તાન હાતર આખી ય પડતર જગા બથાવી લો છો ? આ આરોપ પૂંજા પર કોણે મૂકયો ?

(અ) ગામના લોકો (બ) ભવાનભાઈ (ક) ઊજમબેન (ડ) ગામના મુખી

(21) 'મોરના ઈંડા' ઈશ્વર પેટલીકરની કઈ ટૂંકીવાર્તામાંથી લેવામાં આવ્યો છે ?

(અ) માનતા (બ) કાશીનું કરવત (ક) લોહીની સગાઈ (ડ) ભવસાગર

■ **નીચે આપેલ જોડકાંને સાચી રીતે જોડો :** **[4]**

| કૃતિ | સાહિત્યકાર |
|---|---|
| (22) પૂંજા મેજરની લગની | (અ) ગો.મા. ત્રિપાઠી |
| (23) અખાનો સંસારત્યાગ | (બ) જોસેફ મેકવાન |
| (24) કુસુમનું કઠણ તપ | (ક) ગાંધીજી |
| (25) નારાયણ હેમચંદ્ર | (ડ) ચં.ચી.મહેતા |

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો :** **[4]**

(26) માળણ કુસુમની આંખોને કોની સાથે સરખાવે છે ?

(27) સોક્રેટીસનું જીવન સૂત્ર શું હતું ?

(28) લેખકે રાજીમાને શી સલાહ આપી ?

(29) અખાએ જમનાને શા માટે કંઠી ઘડી આપી ?

■ **નીચેના પ્રશ્નોના ત્રણ – ચાર વાક્યમાં ઉત્તર આપો : (કોઈ પણ બે)** **[4]**

(30) બુધો વળાવિયે જવા તૈયાર થયો એ વાતની એની માતા પર શી અસર થઈ ?

(31) પૂંજાએ આંબાના ઉછેરમાં શી કાળજી લીધી ?

(32) નારાયણ હેમચંદ્ર કેવો પોશાક પહેરતા ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો : (કોઈ પણ એક)** **[4]**

(33) બિસ્મિલ્લાખાંને મન પોતાના જીવનના યાદગાર પ્રસંગો કયા કયા છે ?

(34) 'થીગડું' વાર્તાના શીર્ષકની યોગ્યતા સ્પષ્ટ કરો.

## વિભાગ - C [વ્યાકરણ વિભાગ]

♦ **નીચેનાં વાકયમાં પ્રત્યય મૂકી વાકય ફરીથી લખો :** **[1]**

(35) મોટા દીકરા મણિશંકર મૃત્યુ પછી પ્રભાશંકર ઘણીવાર અન્યમનસ્ક બની જતા.

♦ **નીચેનાં વાકયમાં નામયોગી મૂકી વાકય ફરીથી લખો :** **[1]**

(36) સાન માર્કોની બાજુમાં એક મકાન ...... ઉપર મોટો તોર્તિંગ ઘંટ છે.

♦ **નીચેનાં વાકયમાં યોગ્ય પ્રત્યય અને નામયોગી મૂકી વાકય ફરીથી લખો :** **[1]**

(37) માળણ ઓરડીની ........ એક પીપળા તપે કંઈક ઘસારો લાગ્યો.

♦ **નીચેનાં વાકયમાં યોગ્ય વિરામચિહ્ન મૂકી વાકય ફરીથી લખો :** **[1]**

(38) કુસુમ ઓ કુસુમ તને ખોળીખોળીને હું થાકી ગઈ

♦ **વાકયને અર્થપૂર્ણ બનાવવા માટે વિરામચિહ્ન સુધારી વાકય ફરીથી લખો :** **[1]**

(39) ''લે તું, તો કેનિયામાં જ જન્મી છે તો પણ તને સ્વાહીલી નથી આવડતું

■ **યોગ્ય સંયોજકોનો ઉપયોગ કરીને નીચેનાં સાદાં વાકયો જોડો :** **[1]**

(40) (અ) હું સંગીતથી એટલો રંગાઈ ગયો હતો.

(બ) આખો વખત ગીત ગણગણ્યા કરતો.

■ **નીચેનાં વાકયમાં ખોટા સંયોજકનો પ્રયોગ કર્યો છે, તે સુધારી વાકય ફરીથી લખો :** **[1]**

**(41)** 'ખુદાને ચામ નહી, અને કામપ્યારું છે.'

♦ **નીચેનાં વાકયોમાંથી સાદું વાકય ઓળખાવો :** **[1]**

**(42)** (અ) સફળતા, નિષ્ફળતા અને ચડતી–પડતી પ્રભાશંકરના ઘર સાથે ઘડાયેલી હતી.

(બ) સિદ્ધપુરુષે આપેલા વસ્ત્રમાં રાજારાણીનાં વિચારને કારણે કાણું પડયું.

(ક) પ્રભાશંકરે પાંત્રીસ વર્ષની ઉંમરે લગ્ન કર્યા.

(ડ) જયારે પાર્વતીનું મૃત્યુ થયું ત્યારે પ્રભાશંકર દુ:ખી થયા.

■ **નીચેનાં વાકયોમાંથી સંયુકત વાકય ઓળખાવો :** **[1]**

**(43)** (અ) અખો ઈમાનદાર હતો તે છતાં રાજાના સિપાહીઓ તેમને પકડી ગયા.

(બ) જો જગતની માયા મિથ્યા છે તો તેનો ત્યાગ જ કરવો.

(ક) અખાએ સંસારનો ત્યાગ કર્યો.

(ડ) જમનાબેન અખાની ધરમની બહેન હતી.

♦ **નીચેનાં વાકયોમાંથી સંકુલ વાકય ઓળખાવો :** **[1]**

**(44 )** (અ) ગણેશોત્સવમાં મેં પહેલીવાર મિમિક્રી કરી હતી.

(બ) લેખક હદની બહાર જતાં દડાને લાવી આપતા.

(ક) જો મને મારું બાળપણ પાછું મળી જાય તો દુનિયાનો સૌથી સુખી હું હોઈશ.

(ડ) લેખક સ્વયંસેવક બનતા.

■ **નીચેનાં વાકયોમાંથી કયા વાકયનો પદક્રમ યોગ્ય છે, તે જણાવો :** **[1]**

**(45)** (અ) બીજા ખાવા માટે જીવે છે, હું જીવવા માટે ખાઉં છું.

(બ) લાંબા સમય સુધી ભરણપોષણ હું સૌનું કરી.

(ક) અતિ મહાન પુરુષ સોક્રેટિસ દુનિયાનો ગણાય.

(ડ) લોકો સ્વાદિષ્ટ રસોઈને મસાલા કરવા નાખે છે.

■ **નીચેનાં વાકયોમાંથી કયા વાકયનો પદસંવાદ યોગ્ય છે, તે જણાવો.** **[1]**

**(46)** (અ) ખંતીલા ખેડૂતોની મીઠાં ગીતો કર્ણપ્રિય છે.

(બ) કૃપા અને સાગર શાળાએ ગઈ.

(ક) માતૃભૂમિની મહિમા અવર્ણનીય હોય છે.

(ડ) જનની વિનાની જન્મભૂમિ કવિને અત્યંત પીડા આપે છે.

■ **નીચે આપેલા રૂઢિપ્રયોગોના સાચો અર્થ શોધો :** **[1]**

**(47)** લોહી ઉકાળા કરવા –

(અ) પરેશાન કરવું (બ) જીવ બાળવો (ક) સ્તબ્ધ થવું (ડ) સમય બગાડવો

■ **નીચે આપેલા સામાસિક શબ્દનો અર્થ આપો :** **[1]**

**(48)** ગાડીત

(અ) ગાડી હાંકનાર (બ) જતા સંગાથ કરનાર (ક) ગાડી રોકનાર (ડ) વળીવળીને કામ કરનાર

■ **નીચે આપેલા શબ્દનો સમાનાર્થી શબ્દ શોધીને લખો.** **[1]**

**(49)** કંચન :– (અ) સોનું (બ) કિંમત (ક) કાચ (ડ) ચાંદી

■ **નીચે આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો.** **[1]**

**(50)** ચિરાયુ :– (અ) અલ્પાયુ (બ) દીર્ઘાયુ (ક) ચિરકાળ (ડ) લાંબુ આયુ

■ **નીચે આપેલાં વાકયોમાંથી કયા વાકયની વાકયરચના ખોટી છે, તે જણાવો :** **[1]**

**(51)** (અ) શિક્ષક વિદ્યાર્થીઓને સલાહ આપી રહ્યા છે.

(બ) પક્ષીઓ સરોવરને કાંઠે બેસીને દાણા ચણે છે.

(ક) અહીં શુદ્ધ ગાયનું દૂધ મળે છે.

(ડ) ગામમાં સફરજન વેચતો એક ફેરિયો આવ્યો.

■ **નીચેના શબ્દોમાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો :** **[1]**

**(52)** (અ) સૂગંધ (બ) દાગીના (ક) વીધાર્થી (ડ) સ્મૃતિ

■ **નીચેના શબ્દોમાંથી ખોટી જોડણીવાળો શબ્દ શોધો :** **[1]**

**(53)** (અ) વિલાયત (બ) દુભાષીયો (ક) ચરિત્ર (ડ) અસભ્ય

■ **નીચેની કહેવતમાંથી સમાન અર્થવાળું જોડકું શોધો :** **[1]**

**(54)** (અ) ઉતાવળે આંબા ન પાકે – દીવા પાછળ અંધારું

(બ) પારકી આશા સદા નિરાશા – બોલે તેના બોર વેચાય

(ક) અધૂરો ઘડો છલકાય ઘણો – કરણી તેવી ભરણી

(ડ) ઝાઝા હાથ રળિયામણાં – ઝાઝી કીડીઓ સાપને તાણે

## વિભાગ - D [અર્થગ્રહણ / લેખન]

■ **નીચે આપેલા કાવ્યને વાંચી આપેલ પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપોઃ(પ્રત્યેકનો એક ગુણ રહેશે)** **[5]**

કોણ કહે છે :
આ ધરતી પર કયાંય કશે ભગવાન નથી !
કોણ કહે છે
આ અવનિ પર ઈશ્વરના એંધાણ નથી !
રાત દિવસને સાંજ સવારે
સદા નિયમસર આવે છે
સૂરજ – ચાંદો નિયમિત જગને
તેજ થકી બહલાવે છે,
ચોમાસામાં જલવર્ષાને
વસંતરૂપ તણી રાણી,
ટાઢ શિયાળે, તાપ ઉનાળે,
ઋતુઓની કેવી લ્હાણી !
જીવન કોરાં અમૃત્ય જેવાં
જળનાં મૂલ્ય અમૂલ્ય હો !
ધરતી માતા ધાન્ય ઉગાડે
એ ઉપકાર અતુલ્ય, અહો !
એકધારું ને અણઅટકતું
અનંત આયોજન આવું
વિરાટને આંગણિયે જેણે
નિત્ય નવું છે સમજાવ્યું,
અંતર્યામી એ ઈશ્વરની
આ સહુ ઓળખાણ નથી
પાય પડું ના કહેશો કોદી,
'કયાંય અહીં ભગવાન નથી'

પ્રશ્નો :

(55) સૂરજ–ચંદ્ર કયું કાર્ય કરી રહ્યાં છે ?

(56) કવિ ઋતુઓની કઈ કઈ વિશેષતાઓ રજૂ કરે છે ?

(57) મનુષ્યને મળતાં જળને કવિ કેવાં ગણાવે છે ?

(58) ઈશ્વરના આયોજનને કવિ કેવું કહે છે ?

(59) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ નીચે આપેલા ફકરાને ધ્યાનથી વાંચી, તેને આધારે નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો : **[5]**

બાળક પોતાના મનગમતા ક્ષેત્રમાં જાય તો એ વધુ સારી રીતે કાર્ય કરી શકશે અને સફળ પણ થઈ શકશે. સ્વસ્થ સમાજના નિર્માણમાં ઉપકારક પણ થઈ શકશે. ઘણા વિદ્યાર્થીઓ પરીક્ષા ટાણે હતાશાનો શિકાર બનતા જોવા મળે છે. એવી જ રીતે પરિણામ સમયે પણ આપણે ત્યાં જે પ્રકારનો માહોલ સર્જાય છે તે આવકાર્ય નથી જ હોતો. માત્ર એક પરીક્ષાના પરિણામ પર જ જીવનનો સમગ્ર આધાર છે એમ માનવાને કારણ નથી. પત્રકાર પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ પોતાના એક લેખમાં નોંધે છે : 'જેમને પ્રારંભિક નિષ્ફળતા મળી અથવા ઓછા માર્ક હતા છતાં મહાન બની શકયા તેવી વ્યકિતઓમાં મહાત્મા ગાંધી, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, વિન્સ્ટન ચર્ચિલ, લોકમાન્ય ટિળક, આર.કે.નારાયણ અને ગીતકાર ગુલઝારનો સમાવેશ થાય છે.' અલબત્ત વાલીઓએ પણ હવે સાચી દિશામાં વિચારવાનો સમય પાકી ગયો છે, વાલીઓ હંમેશા બાળકોને ઉપદેશ આપવમાં જ રચ્યા–પચ્યા રહે તો લાંબેગાળે બાળકો નકારાત્મક બની શકે છે. બાળકોને સમજાવો નહીં પણ સમજો.

પ્રશ્નો :

(60) બાળકના મનગમતાં ક્ષેત્રમાં જવાથી શું ફાયદા થશે ?

(61) વિદ્યાર્થીઓ પરીક્ષા અને પરિણામ સમયે શું અનુભવે છે ?

(62) જીવનમાં પ્રારંભિક નિષ્ફળતા કોણે–કોણે મેળવેલી છે ?

(63) વાલીઓએ હવે શું કરવાની જરૂર છે ?

(64) પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો.

**65.** નીચે આપેલ અંગ્રેજી પરિચ્છેદ વાંચી સમજીને તેને $\frac{1}{3}$ ત્રીજા ભાગમાં ગુજરાતીમાં સંક્ષેપ કરો : **[5]**

Half the problem with being stressed and unable to concentrate properly is that you don't breath deeply enough to supply your brain with sufficient oxygen. When we get stressed, we tend to hold our breath or only breathe in a shallow way, using only the top part of our lungs. In order to deepen your breathing and get oxygen all the way up into the brain again, do following exercise for two minutes.

- Rub both your hand together for a moment to create energy.
- Breathe consciously into your belly, making your palms rise every in-breath.
- Imagine breathing oxygen into your brain.

**66.** નીચે આપેલી મુદ્દા પરથી વાર્તા લખો અને તેને યોગ્ય શીર્ષક આપો : **[5]**

લુચ્ચો દુકાનદાર અને ગરીબ ગ્રાહક – દુકાનદારનું ઓછું તોલવું – ગરીબ ગ્રાહકનો અસંતોષ – વસ્તુ બરાબર તોલવાની માંગણી – 'વધારે ઊંચકવું નહિ પડે' – દુકાનદારનો જવાબ – ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – પૂરા પૈસા માટે દુકાનદારની માંગણી – 'વધારે પૈસા ગણવા નહીં પડે' – ગ્રાહકનો જવાબ – બોધ.

## વિભાગ - E [લેખન]

**67.** **નીચેની પંક્તિઓનો આશરે 100 શબ્દોમાં વિચાર–વિસ્તાર કરો :** **[5]**

સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

**અથવા**

ઊંચીનીચી ફર્યા કરે છે, જીવનની ઘટમાળ
ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ

**68.** તમારી શાળામાં યોજાયેલ 'રક્તદાન શિબિર'નો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. **[5]**

**69.** **નીચે આપેલા એક વિષય પર આપેલ મુદ્દાઓને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો :** **[10]**

પુસ્તકોની મૈત્રી :

**મુદ્દાઃ** પ્રસ્તાવના – સારા પુસ્તકોનો ફાળો – સારા પુસ્તકોના લાભ – હલકાં પુસ્તકોના ગેરલાભ – વાંચન પર ટીવીની અસર – ઉપસંહાર

**અથવા**

શ્રમનું ગૌરવ :

**મુદ્દાઃ** પ્રસ્તાવના – પરિશ્રમનો અર્થ – પરિશ્રમનું મહત્વ – પરિશ્રમ વગરનું જીવન – પરિશ્રમ અને નસીબ – ઉપસંહાર

**અથવા**

મારા સ્વપ્નનું ભારત :

**મુદ્દાઃ** પ્રસ્તાવના – ભારતનો ભવ્ય ભૂતકાળ – અંગ્રેજોના સમયની સ્થિતિ – આઝાદી પછી થયેલી પ્રગતિ – વર્તમાન સમયના દૂષણો – મારા સ્વપ્નનું ભારત – ઉપસંહાર

❖***Best of Luck***❖